	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૯/૦૩/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૬૪/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૨	૦	૧૩૨	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૫	૦	૧૦૦૬૮૫	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯	૫,૦૧,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦	૧૦,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

પ્રોહિબીશન સબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા પ્રોહિબીશનના ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા નામે સવિતાબેન ઉર્ફે સવલી તે મુન્નાભાઈ કુલચંદભાઈ દાતણીયાની વિધવા પત્ની ઉ.વ.૫૨ રહે-મિઠન સૈયદના છાપરા બરફીવાલા હોલની પાછળ શંકરભુવન શાહપુર અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધ દાખલ થયેલ જુદા-જુદા ગુના આધારે સદરી આરોપી બહેન વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપી બહેનને પાસા અટકાયતમાં લેવા હુકમ કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડની ટીમે ઉપરોકત આરોપી બહેનને શોધી કાઢી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૨૯૭/૨૦૨૨ તા.૨૮/૦૩/૨૦૨૨ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની તા.૨૮/૦૩/૨૦૨૨ ના રોજ બજવણી કરી ડીટેઇન કરી "વડોદરા" મધ્યસ્થ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૨૮/૦૩/૨૦૨૨

સારી કામગીરી કરનાર ટીમ :-

(૧) પો.સ.ઈ. એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડ ટીમ
(૨) મ.સ.ઇ. વિરભદ્રસિહ વિજયસિહ બ.નં.૮૧૫૫
(૩) અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ બ.નં.૪૫૪૮
(૪) અ.પો.કો. શક્તિસિંહ ગોવિંદસિંહ બ.નં.૭૧૩૪

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૬૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૨૨૮ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૧ રીક્ષા કબ્જે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૬૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૬૭/૨૦૨૨**

ખાડીયાઃ નલીનીબહેન વિજયભાઇ ખત્રી (ઉ.વ.૫૫)(રહે.મુરલીધરનો વહેરો રાયપુર દરવાજા અંદર રાયપુર) એ તા.૨૮/૦૩/૨૦૨૨ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૩/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગે રાયપુર ચકલા પાસે આવેલ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયાના એ.ટી.એમ.મશીન રૂમમા મદદ કરવાના બહાને આવેલ બે અજાણ્યા પુરૂષોએ નલીનીબહેનને વિશ્વાસમાં લઇ, નલીનીબહેન પાસેથી એ.ટી.એમ કાર્ડ મેળવી લઈ, તેનો પીન નંબર જાણી લઈ, નલીનીબહેનના એટીએમ કાર્ડના બદલે બીજુ એ.ટી.એમ.કાર્ડ નલીનીબહેનને આપી નલીનીબહેનના એ.ટી.એમ.કાર્ડનો ઉપયોગ કરી નલીનીબહેનના બેંક ખાતામાંથી અલગ-અલગ કુલ સાત ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૧,૧૧,૯૯૯/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કરણસિંહ નટવરસિંહ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૬૮/૨૦૨૨**

કાલુપુરઃ નાશીરભાઇ નશરૂલ્લાખાન પઠાણ (રહે.પહેલો માળ, ઘડીયાલી ફલેટ જલાલી મસ્જીદ સામે દાડીગરાની પોળ કુતબી મોહલ્લા કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૨ બપોરના ૩/૩૦ થી રાતના ૧૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાની વિંટી કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૬૯/૨૦૨૨**

નરોડાઃ પ્રેમીલાબહેન વા/ઓ કેશવલાલ પ્રજાપતિ (ઉ.વ.૫૮)(રહે.પાયલનગર સોસાયટી ચૈતન્ય ટ્યુશન ક્લાસીસ પાછળ પાયલનગર રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૩/૨૦૨૨ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.